**કૃષ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ**

આણંદ કૃષિ યુનિવર્સિટી

ગોધરા – ૩૮૯૦૦૧

**“અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ – શ્રેષ્ઠ ભારત”**

**“પર્યાવરણ, સ્વછતા, જળ સંરક્ષણ તેમજ જળસંચય“ કમિટી દૂવારા યોજાયેલ**

## શેરી નાટક

“અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ – શ્રેષ્ઠ ભારત” કે પાંચ પ્રકલ્પ યોજના અંતર્ગત યુવાન વિધ્યાર્થીઓમાં દેશ ભક્તિ અને રાષ્ટ્ર નિર્માણની ભાવના પ્રજજ્વલિત થાય તે માટે કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ દૂવારા પસંદ કરેલ ક્ષેત્રો પૈકી “પર્યાવરણ, સ્વછતા, જળ સંરક્ષણ તેમજ જળસંચય” ક્ષેત્રમાં ગોધરા તાલુકાના ચંચોપા ગામમાં સમગ્ર સમાજ તેમજ રાજ્યના નાગરિકો માટે ઉપકારક અને કલ્યાણકારી બની રહે તે માટે માહિતગાર કરવા માટે કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજના ત્રીજી વર્ષના વિધ્યાર્થીઓએ “પર્યાવરણ, સ્વછતા, જળ સંરક્ષણ તેમજ જળસંચય“ પ્રકલ્પની કમિટી દૂવારા તા: ૩૦મી જુલઈ ૨૦૨૨, શનિવાર ના રોજ ચંચોપા ગામ માં બે જગ્યાએ શેરી નાટકનું આયોજન કર્યું. સદર શેરી નાટકમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવવા તેમજ શરીરનાં સ્વાસ્થ્યની બાબત લોકોને જાગૃત કરવામાં આવ્યા.

ઉપરોક્ત કાર્યક્રમમાં અઝાદી કા અમૃત મહોત્સવનાં કોલેજના નોડલ અધિકારી ડો.પંકજ ગુપ્તા, ડો.આર.સી.સાળુંખે અને ડો.કે.આર.જેઠવા (મદદનીશ નોડલ અધિકારી), ઈજ.જે.શ્રવાણ કુમાર (કન્વીનર), ઈજ.એ.એન.કુનપરા (કો-કન્વીનર) પર્યાવરણ, સ્વછતા, જળ સંરક્ષણ તેમજ જળસંચય કમિટી, ડો.નીરજ શેઠ(કન્વીનર), ઈજ.ચિરાગ જાદવ(કો-કન્વીનર), ફિટ ઈન્ડિયા કમિટી એ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાઈ વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને પંચ પ્રકલ્પમાંથી પ્રેરણા લેવા પ્રોત્સાહિત કર્યા.




